# નિર્દોષબુદ્ધિ : આંતરરાષ્ટ્રિય યુવા રિટ્રીટમાંથી મળેલો બોધ

**સૌરાષ્ટ્ર યાત્રા : સારંગપુર, ગઢડા, રાજકોટ, ગોંડલ, ફરેણી, જૂનાગઢ, માણાવદર, લોજ, સોમનાથ, ધારી, વડતાલ.**

**ઉત્તર પ્રદેશ યાત્રા : અયોધ્યા, છપૈયા, દિલ્હી.**

~ ભાવાનુવાદ સંકલન : સંગીતાબહેન મોદી (અમદાવાદ)

"**તમને** હમણાં કદાચ ખ્યાલ નહિ આવે, પરંતુ તમે તીર્થયાત્રા કરીને ઘરે પાછાં જશો ત્યારે તમને દરેકને અનુભવ થશે કે, તમે પહેલાં હતાં તેના કરતાં તમારામાંઆંતરિક કેવું પરિવર્તન થયું છે." જ્યારે હું છપૈયા ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રાગટ્યના પવિત્ર સ્થાને કોઈક રીતે આરામ અને સંકોચ બંનેને બાજુ પર રાખીને મંદિરના સભાખંડમાં બેઠી હતી ત્યારે એક વકતાના મુખે આ સાંભળ્યું. મેં ઝડપથી તેઓના આ શબ્દો નોંધી લીધા અને મારામાં આવું પરિવર્તન થવાની રાહ જોવા માંડી.

રિટ્રીટના કેટલાક દિવસો પછી એક વખત જ્યારે એક સ્નેહીજને મારી સાથે બિનજરૂરી તોછડાઈથી વાત કરી ત્યારે મને ખૂબ ગુસ્સો આવ્યો અને તરત જ મારા મનમાં વિચાર આવ્યો કે, તેઓ કેવા આકરા સ્વભાવના છે. પણ બીજી જ ક્ષણે મારા મનમાં ડહાપણભર્યો ને પ્રેરણાદાયક એક હળવો અવાજ આવ્યો કે, 'તને નિર્દોષબુદ્ધિની વાત યાદ છે ને ?' ભગવાને એમને એવું બોલવા પ્રેર્યા છે. પછી તો ગુસ્સો જે ઝડપથી આવ્યો હતો તેટલી જ ઝડપથી ઓગળી ગયો અને અંતર શાંત થઈ ગયું. સામી પ્રતિક્રિયા આપીને બળતામાં ઘી હોમવાને બદલે હું ત્યાંથી શાંતિથી ચાલી નીકળી.

૨૦૨૩-૨૦૨૪ની આંતર રાષ્ટ્રિય રિટ્રીટ દરમિયાન સંતભગવંત સાહેબજીએ અમને યુવાનોને બીજા અનેક બોધની સાથે નિર્દોષબુદ્ધિના આ પાઠ પણ પાકા કરાવ્યા. રિટ્રીટ દરમિયાન છપૈયામાં એક રસપ્રદ સભામાં જ્યારે હું બેઠી હતી ત્યારે વડીલ ભક્તોએ સમજાવ્યું : નિર્દોષ = દોષ રહિત. નિર્દોષબુદ્ધિ એટલે સામે આવનાર વ્યક્તિની હરેક ક્રિયાને દોષ રહિત જોવાની દૃષ્ટિ. આવું કેવી રીતે ? કારણ કે, પ્રભુ એમને પ્રેરણા આપી રહ્યા હોય છે, પ્રભુ જ એમના દ્વારા બોલી અને વર્તી રહ્યા હોય છે. જે-તે વ્યક્તિ તો દોષ રહિત - નિર્દોષ હોય છે.

આ સિદ્ધાંત આપણને કોઈની સાથે થતા ઘર્ષણ વખતે આંતરિક શાંતિ જાળવી રાખવા દે છે. જો કે, એ નોંધવું અગત્યનું છે કે, નિર્દોષબુદ્ધિનો અર્થ એ નથી કે, દુર્વ્યવહાર કે ઉદ્દંડતા જેવી પરિસ્થિતિઓનો સ્વીકાર કરી લેવો. આવી પરિસ્થિતિ ક્યારેય યોગ્ય હોતી નથી તેથી તેવી પરિસ્થિતિઓમાં સલામતીને ખાતર જો જરૂરી લાગે તો કોઈએ યોગ્ય પગલાં લેવાં જોઈએ કે જાણ કરવી જોઈએ. નિર્દોષબુદ્ધિ એ સ્વસ્થ રહેવા માટેનો ઉપાય છે, મૌન રહેવા માટેની જબરદસ્તી નથી.

પાછાં છપૈયાની સભાની વાત કરીએ તો, મારી નોટબુકમાં લખેલા શબ્દોને મેં સ્પોન્જની જેમ મારી અંદર આત્મસાત્ કરી લીધા. દૂર મંદિરનો ધીમો ઘંટારવ સંભળાતો હતો ત્યારે એક ભક્તે નિર્દોષબુદ્ધિ કાયમ રાખવા માટેની એક ખૂબ સચોટ રીત બતાવી : *"મારી મરજી વિના રે કોઈથી તરણું નવ તોડાય."* થોડા સમય બાદ સદ્‌ગુરુ સંત પૂજ્ય મનોજદાસજીએ વડતાલમાં જણાવ્યું કે, નીચેની ભજનની કડી તેઓના મનમાં નિર્દોષબુદ્ધિને હંમેશાં જીવંત રાખે છે : "સહુના જો પ્રેરક છે, શ્રીજી નિયંત્રક, તો કઠપૂતળીઓના આ ખેલ છે."

આ યાત્રા દરમિયાન સાહેબજીએ અનેક રીતે નિર્દોષબુદ્ધિના જ્ઞાનની પ્રેરણા આપી. રિટ્રીટના પહેલા જ દિવસે સૌ શિબિરાર્થીઓને સાહેબજીના સ્વહસ્તાક્ષરમાં *"નિર્દોષબુદ્ધિથી કરેલી સેવા એ સર્વોપરી સેવા."* લખેલી પેન વહેંચવામાં આવી હતી. દિલ્હીમાં અમારી સમાપન સભામાં પણ `નિર્દોષબુદ્ધિ' વિષય પર વાત ચાલુ રહી. દિલ્હીમાં એક કૉન્ફરન્સ હૉલમાં સાહેબજીએ વાત કરી કે, `કોઈ આપણને કહે કે, તમે સરસ લાગો છો, તો કહેવાય કે, 'પ્રભુએ મને આવો બનાવ્યો છે.' અને કોઈ આપણને કહે કે, તમે વિચિત્ર દેખાઓ છો, તો પણ કહેવાય કે, 'પ્રભુએ મને આવો બનાવ્યો છે.' જ્યારે આપણે પ્રભુને જ સર્વ કર્તા-હર્તા માનવાની અઘરી લાગતી ટેવ પાડીએ અને હંમેશાં નિર્દોષબુદ્ધિ રાખીએ, ત્યારે આવા સંવાદોમાં પણ આપણી શાંતિ જળવાઈ રહે છે.

રિટ્રીટ દરમિયાન અમારા યુવાનેતાઓ કે જેઓ ખૂબ ઊંચા દિવ્ય આત્માઓ છે, તેઓએ આ બોધને ન માત્ર પોતાની અંદર ઉતાર્યો, પણ તેઓએ તેને આચરણમાં પણ મૂક્યો અને અમને સૌને એકબીજાંના ગુણ જોવાની અને પરસ્પર ભગવાનને જોવાની સમજ આપી. બસની અમારી લાંબી મુસાફરી-વારાફરતી અલગ અલગ હરિભક્તને પસંદ કરી, એમનામાં રહેલા સકારાત્મક ગુણોનાં ગાન કરવામાં પસાર થઈ, જેનાથી અમારી આંખો હર્ષાશ્રુથી અને હૈયાં ઉમંગથી છલકાઈ ગયાં. આંતરરાજ્યોની વિમાનની મુસાફરી દરમિયાન અમે અમારી નોંધડાયરી કે જેના છેલ્લા પાને દરેકે આધ્યાત્મિક ઉત્થાન માટેની પ્રેરણાદાયક નોંધો લખી હતી, તે એકબીજાં સાથે શેર કરી. ઘરે આવ્યા પછી પણ, મને જ્યારે પણ મન થાય ત્યારે આ પ્રેરણાદાયક નોંધો ફરી વાંચી લઉં છું અને તેથી મને સાહેબજીના ભવ્ય વારસાનું અનુસંધાન રહે છે : *આ એક એવી યુવાપેઢી છે કે જે એકબીજાં માટે ગુણગ્રાહક દૃષ્ટિ રાખે છે.*

ઘરે પાછા ફર્યા પછી મેં અનુભવ્યું કે, મારા મનમાં એક હળવો અવાજ આવી રહ્યો છે : *"હું ઠીક સમજું છું કે, પ્રભુ એમના દ્વારા કાર્ય કરી રહ્યા છે."*

એક ઊભરતી શાંતિ.

અને હા, પરિવર્તનની પ્રક્રિયાનો પ્રારંભ ! ◆

*(સહેલી શેઠના બ્ર.નિ.-ફેબ્રુઆરી, ૨૪ અંકમાં પ્રકાશિત મૂળ અંગ્રેજી લેખનો ભાવાનુવાદ)*